| GJBK190001642026 | દાખલ તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ તારીખઃ | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| | ફેંસલ તારીખઃ | ૨૭/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૨૦ |

**બનાસકાંઠા જીલ્લાના પાંચમા એડીશનલ સેશન્સ જજ શ્રી આર.ડી.પાંડે સાહેબની કોર્ટમાં, મુકામ–દિયોદર**

**ફોજદારી પરચુરણ અરજ નંબર–૭૦/૨૦૨૬**
**આંક–**

**અરજદારઃ–** **(૧) પીન્ટુભાઇ બળવંતસીંહ સોલંકી,**
ઉ.વ.આ. ૨૩, ધંધો. મજુરી,
રહે. મોજરૂ જુના, તા. દિયોદર, જી. વાવ–થરાદ
(હાલ રહે. સબજેલ/જીલ્લા જેલ પાલનપુર )

–: **વિરુધ્ધ** :–

**સામાવાળા:–** શ્રી સરકાર

**ગુનોઃ–** દિયોદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૩૨૫૧૫૧૧૩૫/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ–૧૮૯(૧)(એ), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૨૫(૧), ૨૨૧, ૧૨૧(૨), ૨૬૩(૨) મુજબ.

**અરજઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

અરજદાર તરફે વિ. વ.શ્રી ટી.એચ.સોલંકી
સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી એચ.બી.રાજગોર

–: **ચૂકાદો** :–

**(૧)** હાલની અરજી આરોપી/અરજદાર દ્વારા દિયોદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૩૨૫૧૫૧૧૩૫/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ–૧૮૯(૧)(એ), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૨૫(૧), ૨૨૧, ૧૨૧(૨), ૨૬૩(૨) મુજબના કામે અરજદાર ને તા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરેલા અને તા. ૧૩/૧૨/૨૦૨૫ ના

રોજ દિયોદરના એડી. ચીફ જયુ. મેજી. સમક્ષ રજુ કરી આરોપીના રીમાન્ડની માંગણી કરતાં નામ. કોર્ટે અરજદારના તા. ૧૫/૧૨/૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજુર કરેલા અને રીમાન્ડ પુર્ણ થતાં આરોપીને નામ. દિયોદરના એડી. ચીફ જયુ. મેજી. સમક્ષ રજુ કરેલ ત્યારથી અરજદાર જ્યુડીશીયલ કસ્ટડીમાં હોયબી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે કરવામાં આવેલ છે.

(૨) આરોપી/અરજદારની જામીન અરજીની ટુંકમાં વિગત એવી છે કે, સદર ગુનાના કામે ત.ક.અમલદારે દિયોદરના મહે. એડી. ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે જેનો ક્રિમીનલ કેસ નંબર–૨૫૭/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરેલ છે જે કેસ સેશન્સ કોર્ટમાં કમીટ થતાં જેનો સેશન્સ કેસ નંબર–૦૩/૨૦૨૬ થી પડેલ છે. અમો અરજદાર તદ્દન નિર્દોષ છીએ અને કહેવાતો કોઇ ગુનો અમો અરજદારે કરેલ નથી. આ કામે ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો ફરીયાદી પોતે ખુદ દિયોદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી છે. આ કામના ફરીયાદીની ફરીયાદ અનુસાર કોલમ નંબર–૧૨ મુજબ જોવામાં આવે તો ''તે એવી રીતે કે આ કામના આરોપીઓ પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી તથા જગતસીંહ બળવંતસીંહ સોલંકી તથા ભરતસીંહ બળવંતસીંહ સોલંકી તથા બળવંતસીંહ ચેલાજી સોલંકી તથા વચનસીંહ બળવંતસીંહ સોલંકી તથા લાલસંગ બળવંતસીંહ સોલંકી તથા વિક્રમસીંહ બળવંતસીંહ સોલંકી તથા નિશાબા વા.ઓ. વચનસીંહ બળવંતસીંહ સોલંકી તથા અન્ય કુટુંબી ભુપતસીંહ ચમનાજી સોલંકી તથા રતનસીંહ પ્રહલાદસીંહ સોલંકી તથા ભેમસીંગ જોગજી સોલંકી તથા અન્ય બીજા ચાર પાંચ સ્ત્રીઓ તથા પુરૂષો તમામ રહે. મોજરૂ જુના, તા. દિયોદર વાળાઓ એકસંપ થઇ ગે.કા. મંડળી રચી તેમના કુટુંબી પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી, રહે. મોજરૂ જુના વાળાના પાર્લરમાંથી રેઇડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ તથા બીયર મળી આવેલ હોઇ જેથી પીન્ટુસીંહ તથા પકડાયેલ દારૂને લઇ જતી વખતે આપ સોબ તથા અમો પોલીસ સ્ટાફના માણસોને બાથે થઇ ઝપાઝપી કરી

અમારો કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી જગતસીંહ નાઓએ સાથેના પો.કો. રાજેશભાઇ બળદેવભાઇ ને હાથ ઉપર લાકડી મારી ફ્રેકચર કરી ગંભીર ઇજા કરી તેમજ અન્ય માણસોએ પોલીસ ઉપર છુટા પથ્થરો મારી ગુનો કર્યા વિગેરે બાબતે'' મુજબની ફરીયાદ નોંધાવેલ છે. હવે આ કામે અમો અરજદાર સામેનો રોલ જોવામાં આવે તો અમોએ તથા અન્ય આરોપીઓએ પથ્થર મારેલ હોવાના તથા જગતસીંહ બળવંતસીંહ એ ધોકો મારેલ હોવા મતલબના આક્ષેપો કરવામાં આવેલ છે. આ કામે આ મુજબનો કોઇ બનાવ બનેલ નથી કારણ કે, જો આટલા બધા આરોપીઓ એટલે કે ફરીયાદમાં દર્શાવ્યા મુજબના સત્તર જેટલા ઇસમો જો પોલીસ ટોળકી ઉપર પથ્થર વડે હૂમલો કરે અને પથ્થરમારો કરે તો તેવા સંજોગોમાં તમામને ઇજા થવાની શકયતા રહી શકે તેમજ તેઓ તેમની સાથે જે પોલીસ ગાડીઓ લઇને આવેલા હતા તે ગાડીને પણ નુકશાન થઇ શકતું હતું. જયારે આ કામે આ મુજબનો કોઇ બનાવ બનેલ નથી કારણ કે, કોઇ પથ્થર મારો થયેલ નથી કે રેડ દરમ્યાન આવેલા પોલીસ કર્મચારીઓ ને કોઇ ઇજાઓ થવા પામેલ નથી. આમ, આ કામના ફરીયાદી પોતે પોલીસ અધિકારી હોઇ તેમજ કાયદાના જાણકાર હોઇ જેથી તેઓએ સંપુર્ણપણે ફરીયાદ ગોઠવણપુર્વક પોતાના ભેજાનો ઉપયોગ કરી હાલની ફરીયાદ અમારી સામે દાખલ કરેલ છે. આ કામે જે ફરીયાદ આપેલ છે તે ફરીયાદનો ગુનો જોવામાં આવે તો રેડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ તથા બીયર મળી આવેલ હોવાનું જણાવી અને તેમની ઉપર હુમલો થયેલ હોઇ જેથી તે સબબની ફરીયાદ આ કામના ફરીયાદી મોતીભાઇ નાનજીભાઇ, અ.હે.કો. બ.નં. ૧૧૮૫, દિયોદર પોલીસ સ્ટેશનવાળાએ અમો અરજદાર તથા બીજાઓ સામે ના ઓએ દિયોદર પો.સ્ટે. માં તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ નોંધાયેલ છે જયારે કે તે જ દિવસે એટલ કે તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ બીજી એક ફરીયાદ પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી, જગતસીંહ બળવંતસીંહ સોલંકી સામે દિયોદર પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર–૧૧૯૯૬૦૦૩૨૫૧૧૩૪/૨૦૨૫, પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૮૧ મુજબની નોંધાવેલ છે. આ કામે ગુના રજી.

નંબર–૧૧૩૫/૨૦૨૫ ના ગુનામાં પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી ને આરોપી નંબર–૦૧ તરીકે દર્શાવેલ છે તેમજ જગતસીંહ બળવંતસીંહ સોલંકી ને આરોપી નંબર–૨ તરીકે દર્શાવેલ છે અને આ પ્રોહી એકટ મુજબનો ગુનો રજી. નંબર–૧૧૩૪/૨૦૨૫ મુજબની ફરીયાદ દિયોદર પો.સ્ટે. ના અન્ય અધિકારી એટલે કે, અ.પો.કો. દિલીપસીંહ ઉકાજી, બ.નં. ૧૫૫૦ વાળાએ દાખલ કરેલ છે. આમ, આ કામે બનાવ તેમજ તેની ઘટના તેમજ સ્થળ એક જ હોય તેમજ પોલીસ સ્ટેશન એક જ હોય તો તેવા સંજોગોમાં બબ્બે ફરીયાદો દાખલ કરી એક માત્ર પોલીસ દ્વારા હેરાન કરવાનું કૃત્ય આ કામે કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, આ કામે ખરેખર જોવામાં આવે તો ફરીયાદીના ફરીયાદ અનુસારનો કોઇ બનાવ બનવા પામેલ નથી અને તદ્દન ખોટી રીતે એકમાત્ર સંડોવણી કરવાના બદ ઈરાદાથી પોલીસ અધિકારીઓએ પોતાની સત્તાનો દુરૂપયોગ કરી હાલની ફરીયાદ નોંધાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. એ.સી.આર. ૨૦૧૧(૧) પેજ નંબર–૧૯૯, ગુજ. સેલારભાઇ નાઝભાઇ વશીઆ વિ. ગુજરાત રાજયના કેસમાં નામ. હાઇકોર્ટે ઠરાવેલ છે કે, બીનજામીન પાત્ર ગુનામાં જામીની વિચારણા કરતી વખતે ગુનાનો પ્રકાર, તેની ગંભીરતા, પુરાવાનો પ્રકાર તેની લાક્ષણીકતા, ગુનેગારના સંજોગો, આરોપીની હાજરી, કેસ ચાલતી વખતે ઉપલબ્ધ ન થઇ શકે તેવી વ્યાજબી શકયતા, પુરાવા સાથે ચેડા થવાની વ્યાજબી શકયતા, જાહેર જનતા અને સરકારના હિતમાં હોય, સમાજના હિતમાં હોય અને આવા જ સમાન પાસાઓ જે કેસના સંજોગો અને હકીકત સાથે સંબંધીત હોય તે લક્ષમાં લઈને નિર્ણય કરવાનો રહે છે અને આ જ સિધ્ધાંતો નામ. સુપ્રિમ કોર્ટે જયેન્દ્ર સરસ્વતી સ્વામીગલ વિ. તામીલનાડુ રાજય ૨૦૦૫(૨) એસ.સી.સી. ૧૩ માં પ્રસ્થાપિત કરેલ છે. ૨૦૦૭(૩) જી.એલ.એચ. પેજ નંબર–૫૬૯ લક્ષ્મીબેન સી. સોલંકી વિ. ગુજરાત રાજયના કેસમાં નામ. ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે, રેકર્ડ ઉપર આરોપીની તરફેણ કરતાં મજબુત પુરાવા હોય અને પુરતી હકીકત વિના જામીન અરજી રદ કરવા કોઇ કારણ ન હોય ત્યારે આરોપી માત્ર ગંભીર ગુનામાં સંડોવાયેલ છે તેટલા કારણ માત્રથી જામીન અરજી રદ થઇ શકે

નહી તેમજ તેવું પણ નિરીક્ષણ કરેલ છે કે ન્યાયીક અધિકારી આરોપીની તરફેણમાં સંજોગો હોવા છતાં ઉપલી અદાલતો કોઇ ટીકા ટીપ્પણી કરશે તેવા ડરના કારણે જામીન અરજી રદ કરે છે તે પ્રકારની માનસીકતાને વખોડી કાઢી માર્ગદર્શન આપેલ છે કે ભય રાખ્યા વિના કેસના ગુણદોષ પ્રમાણે નિર્ણય કરવો જોઇએ અને જયારે નીચેની અદાલતે ફોજદારી કાર્યવાહી સંહિતાની જોગવાઇ અન્વયે પુરતી સત્તા જામીન લાયક ગુનામાં જામીન મંજુર કરવા કે ન કરવા સંબંધે આપેલ છે ત્યારે ન્યાયીક સિધ્ધાંતો અનુસાર નિર્ણય કરવો જોઇએ નહી કે ઉપલી અદાલત તેના નિર્ણયની ટીકા ટીપ્પણી કરશે. સદરહું કામે અમો આપ નામ. કોર્ટના ધ્યાન ઉપર ૨૦૧૧(૧) જી.એલ.આર. પેજ નંબર–૧૯૪ અમીતભાઇ અનીલચંદ શાહ વિ. સી.બી.આઇ. અને બીજાઓના કેસમાં નામ. ગુજરાત હાઇકોર્ટે ઠરાવેલ છે કે, સાહેદોના નિવેદનો વિરોધાભાસી જણાય અને આરોપીની સંડોવણી પ્રથમ દ્રષ્ટિએ પુરવાર થતા ન જણાય ત્યારે જામીન અરજી મંજુર થવા પાત્ર બને છે. વધુમાં એ.આઇ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પેજ નંબર–૮૩૦ સંજયચંદ્ર વિ. સી.બી.આઇ. ના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, જામીનનો હેતુ એ છે કે આરોપી ન્યાયીક ઈન્સાફી કાર્યવાહી વખતે પોતાની હાજરી અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકે. જામીનનો હેતુ ન તો શિક્ષાત્મક છે કે ન તો અવરોધ છે. સ્વતંત્રતાથી વંચિત કરવું તે એક પ્રકારની શિક્ષા તરીકે ગણી શકાય અને કોઇપણ વ્યકિતને જયારે કાયદા મુજબ શિક્ષા કરવામાં આવે નહીં ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવામાં આવે છે. આરોપીને પેન્ડીંગ ટ્રાયલ દરમ્યાન કસ્ટડીમાં મુકવામાં આવે તો તેના કારણે તેને ખુબ સહન કરવું પડતું હોય છે. આથી સમયાંતરે જરૂરીયાત ઉપસ્થિત થાય છે કે ઘણી વ્યકિતઓ કે જેઓને કાયદા માન્ય શિક્ષા ફરમાવેલ નથી અને ઈન્સાફી કાર્યવાહી વખતે માત્ર તેની હાજરી મળી રહે તેથી પેન્ડીંગ ટ્રાયલ દરમ્યાન તેને કસ્ટડીમાં રાખવામાં આવે છે એ એક પ્રભાવશાળી કસોટી છે અને જો જામીન ઉપર છોડવામાં આવે તો આવી વ્યકિત પુરાવા સાથે કે સાક્ષી સાથે ચેડાં કરે તેવું માની લીધેલા કારણ માત્રથી તેને કસ્ટડીમાં રખાતા હોય છે. કોઇપણ વ્યકિત નજર અંદાજ કરી શકે નહી કે કાયદા માન્ય

શિક્ષા પહેલાં કસ્ટડીમાં રાખવાથી તે એક પ્રકારની શિક્ષા જ છે. કોઇ પણ અદાલત માત્ર પાઠ ભણાવવા જામીનની માંગણી રદ કરી જેલમાં મોકલી શકે નહી અને જયારે પુરાવા સાથે ચેડા થવાની સંભાવના સંબંધે કોઇ હકીકત રેકર્ડ ઉપર ન હોય ત્યારે માત્ર ગંભીર પ્રકારનો ગુનો છે તે એકમાત્ર કારણ જામીન અરજી નામંજુર કરવા કારણ બની શકે નહી. ગંભીર પ્રકારના આક્ષેપ હોય તો પણ ટ્રાયલ ચાલ્યા પછી પુરાવાના આધારે તે શિક્ષામાં પરિવર્તીત થાય છે. જામીન એ નિયમ છે, જેલ એ અપવાદ છે. જામીનની માંગણી નામંજુર કરવી એ વ્યકિત સ્વાતંત્ર્યને અવરોધક બાબત છે અને તે ભારતીય બંધારણના આર્ટીકલ–૨૧ થી અપાયેલ વ્યકિત સ્વાતંત્ર્યના અધિકારથી વિરૂધ્ધની બાબત છે. જયારે લાંબો સમય ચાલવા પાત્ર હોય અને સજાની જોગવાઇ કરતાં વધુ સમય જેલની કસ્ટડીમાં રહે તેમ હોય ત્યારે તે વ્યકિતને જેલમાં સમય મર્યાદીત સમય સુધી રાખવો તે ન્યાયના હિતની વિરૂધ્ધની બાબત છે તેમજ માત્ર પ્રથમ દર્શનીય કેસ છે તે એક માત્ર કારણથી જામીન અરજી રદ થઇ શકે નહી. એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી. પેજ નંબર–૯૪૯ દિપક સુભાષચંદ્ર મહેતા વિ. સી.બી.આઇ. ના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે જામીન અરજી મંજુર કરતી વખતે પુરાવા અને દસ્તાવેજોની વિગતવાર ચકાસણી કરવાની જરૂરીયાત નથી પરંતુ, જરૂરીયાત એ છે કે, ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને શામાટે જામીન ઉપર મુકત કરવામાં આવે છે તેના પ્રથમ દર્શનીય કારણો જણાવવા જોઇએ. એટલે કે પ્રથમ દર્શનીય કેસ, ગુનાની હકીકત, ગુનાનો પ્રકાર, સજાની માત્રા, જો સજા થવાના સંજોગો હોય તો અને તેની મદદરૂપ પુરાવો, પુરાવા સાથે ચેડા થવાની સંભાવના, ફરીયાદી અને સાક્ષીઓને ધમકી આપવાનો ભય અને પ્રથમ દર્શનીય રીતે અદાલતને સંતોષ થાય તેવો આક્ષેપો સંબંધીત પુરાવો લક્ષમાં લેવાનો રહે છે. આ ઉપરાંત જામીન અરજીના નિકાલ વખતે ગુનાની ગંભીરતા કે આરોપીનું નાશી ભાગી જવું કે પ્રોસીકયુશનના સાહેદો સાથે ચેડા કરવા તે પણ લક્ષમાં લેવાના રહે છે અને જયારે ટ્રાયલ લાંબો સમય ચાલે તેમ હોય ત્યારે નિયમ છે કે જામીન અરજી મંજુર કરવી પરંતુ તે યાંત્રિક રીતે મંજુર શકે નહી. ૨૦૦૫(૮) સુપ્રિમ કોર્ટ કેસીસ પેજ

નંબર–૨૧ ઉત્તર પ્રદેશ રાજય મારફતે સી.બી.આઇ. વિ. અમરમણી ત્રિપાઠીના કેસમાં પણ નામ. સુપ્રિમ કોર્ટે આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે જે પેરામીટર્સ દર્શાવેલ છે તે પેરામીટર્સ આ ચુકાદામાં અગાઉ જણાવેલ પ્રશાંતકુમાર સરકાર વિ. આશીષ ચેટર્જીના કેસમાં ઠરાવેલ પ્રમાણેના ફેકટર્સ જામીન અરજીના નિકાલ વખતે ધ્યાને લેવા ઠરાવેલ છે તેમજ માત્ર આરોપી પુરાવા સાથે ચેડા કરશે અથવા ભાગી જશે અથવા સ્વતંત્રતાનો દુરૂપયોગ કરશે તેવા માત્ર પુરાવા અને વ્યાજબી કારણો વિના આવી હકીકત જામીન અરજી નકારવા કારણો ના બની શકે નહી. અરજદારને લાંબો સમય જયુ. કસ્ટડીમાં રાખવામાં આવે તો અરજદારના કુટુંબનું અમારા સીવાય કોઇ દેખરેખ રાખનાર ન હોઇ અમો અરજદારના પરિવારને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે અને અમો અરજદારના પરિવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે. અમો અરજદાર ખેતી કરી અમારા કુટુંબનું ગુજરાન ચલાવીએ છીએ. અમો અરજદારના સમગ્ર કુટુંબના ભરણપોષણની જવાબદારી અમારા શીરે છે. જેથી અમારે વધુ સમય કસ્ટડીમાં રહેવું પડે તો અમારા કુટુંબ કબીલાને ભુખે મરવાનો વારો આવે તેમ છે. અમો અરજદાર અરજીના મથાળે દર્શાવેલ સરનામે રહીએ છીએ અને અમારી સ્થાવર તેમજ જંગમ મિલ્કતો ધરાવીએ છીએ જેથી કયાંય નાશી કે ભાગી જઇએ તેવા ઇસમ નથી. સદર ગુનાના કામે અન્ય આરોપી ભેમસીંહ જોગજી દરબારને નામ. કોર્ટે ક્રિમીનલ પર. અરજ નંબર–૫૬/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે તેમજ અન્ય આરોપી બળવંતસીંહ ચેલાજી સોલંકીને નામ. કોર્ટે ક્રિમી. પર. અરજ નંબર–૬૪/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે. તેમજ અન્ય આરોપી વચનસીંહ બળવંતસીંહ સોલંકી ને નામ. કોર્ટે ફોજદારી પરચુરણ અરજી નંબર–૬૭/૨૦૨૬ થી રેગ્યુલર જામીન ઉપર મુકત કરેલ છે. જેથી અમો અરજદારને ૨૦૧૧(૩) જી.એલ.આર. ૧૯૯૯ રમેશભાઇ બટુભાઇ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા ગુડીકાંત નરસીમા બલ્લુ વિ. પબ્લીક પ્રોસીકયુટર હાઇકોર્ટ ઓફ આંધ્રપ્રદેશના ચુકાદામાં દર્શાવેલ લો–ઓફ પેરીટીના સિધ્ધાંતને ધ્યાનમાં લઇને પણ જામીન ઉપર મુકત કરવા મે. થશો. અમો અરજદારને આપ નામ. કોર્ટ

દ્વારા જામીન પર મુકત કરતી વખતે જેવી અને જેટલી શરતો ફરમાવશો તેવી અને તેટલી શરતોનું અમો પાલન કરીશું. અમો અરજદારને આપ નામ. કોર્ટ દ્વારા જેવા અને જેટલી રકમના જામીન આપવા ફરમાવશો તેવા અને તેટલી રકમના જામીન અમો રજુ કરીશું જેથી અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કરતાં શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.બી.રાજગોર હાજર થયેલ છે અને ચાર્જશીટ દાખલ થઇ ગયેલ હોઇ તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામુ રજુ કરેલ નથી.

(૪) ફરીયાદ પક્ષની ટુંકી હકીકત મુજબ આ કામના આરોપીઓ પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી તથા જગતસીંહ બળવંતસીંહ સોલંકી તથા ભરતસીંહ બળવંતસીંહ સોલંકી તથા બળવંતસીંહ ચેલાજી સોલંકી તથા વચનસીંહ બળવંતસીંહ સોલંકી તથા લાલસંગ બળવંતસીંહ સોલંકી તથા વિક્રમસીંહ બળવંતસીંહ સોલંકી તથા નિશાબા વા.ઓ. વચનસીંહ બળવંતસીંહ સોલંકી તથા અન્ય કુટુંબી ભુપતસીંહ ચમનાજી સોલંકી તથા રતનસીંહ પ્રહલાદસીંહ સોલંકી તથા ભેમસીંગ જોગજી સોલંકી તથા અન્ય બીજા ચાર પાંચ સ્ત્રીઓ તથા પુરૂષો તમામ રહે. મોજરૂ જુના, તા. દિયોદર વાળાઓ એકસંપ થઇ ગે.કા. મંડળી રચી તેમના કુટુંબી પીન્ટુસીંહ બળવંતસીંહ સોલંકી, રહે. મોજરૂ જુના વાળાના પાર્લરમાંથી રેઇડ દરમ્યાન ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ તથા બીયર મળી આવેલ હોઇ જેથી પીન્ટુસીંહ તથા પકડાયેલ દારૂને લઇ જતી વખતે આપ સોબ તથા અમો પોલીસ સ્ટાફના માણસોને બાથે થઇ ઝપાઝપી કરી અમારો કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી જગતસીંહ નાઓએ સાથેના પો.કો. રાજેશભાઇ બળદેવભાઇ ને હાથ ઉપર લાકડી મારી ફ્રેકચર કરી ગંભીર ઇજા કરી તેમજ અન્ય માણસોએ પોલીસ ઉપર છુટા પથ્થરો મારી ગુનો કરતાં હાલની આ ફરીયાદ દાખલ થયેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી ટી.એચ.સોલંકી નાએ દલીલ કરેલ છે કે, આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની કલમો હેઠળ ગુનો નોંધાયેલ છે. આરોપી તા. ૧૫/૧૨/૨૦૨૫ થી જયુ. કસ્ટડીમાં છે. મુખ્ય ગુનો હાલના આરોપી વિરૂધ્ધ નોંધાયેલ છે. રેઈડ વખતે પોલીસે હાલના આરોપીને પકડી રાખેલ જેથી મુખ્ય આરોપી અન્ય આરોપીઓને ફોન કરી શકે નહી જેથી પોલીસની સ્ટોરી શંકાસ્પદ છે. આ કામે ચાર્જશીટ સેશન્સ કેસ નંબર–૦૩/૨૦૨૬ થી દાખલ થઈ ગયેલ છે. અન્ય બે આરોપીઓની જામીન અરજી ફોજદારી પરચુરણ અરજી નંબર–૫૬/૨૦૨૬ તથા ૬૪/૨૦૨૬ તથા ૬૭/૨૦૨૬ ની મંજુર થયેલ છે જેથી પેરીટીનો લાભ હાલના આરોપીને આપવા અરજ છે જેથી શરતોને આધીન આરોપીને જામીન આપવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા શ્રી સરકાર તરફે એ.પી.પી.શ્રી એચ.બી.રાજગોર ની દલીલ છે કે, હાલના આરોપી વિરૂધ્ધ અન્ય એક ગુનો નોંધાયેલ છે. પોતે દારૂના ગુનામાં પકડાયેલ જેથી અન્ય આરોપીઓને બોલાવેલ છે. ચાર્જશીટ દાખલ થયેલ હોવાથી સંજોગો બદલાયેલ નથી. જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે ધ્યાને લઈએ તો ચાર્જશીટ ક્રિમીનલ કેસ નંબર–૨૫૭/૨૦૨૬ થી દાખલ થઈ ગયેલ છે. અન્ય આરોપી ભેમસીંગ જોગાજી દરબારને જામીન અરજી નંબર–૫૬/૨૦૨૬ તથા અન્ય આરોપી બળવંતજી ચેલાજી સોલંકીને જામીન અરજી નંબર–૬૪/૨૦૨૬ તેમજ આરોપી વચનસીંહ બળવંતસીંહ સોલંકીને જામીન અરજી નંબર–૬૭/૨૦૨૬ થી અત્રેની અદાલત દ્વારા મંજુર કરવામાં આવેલ છે. હાલના આરોપીને પણ પેરીટીનો લાભ મળવાપાત્ર જણાઈ આવે છે. હાલના આરોપીનો રોલ અન્ય આરોપીઓ સાથે જોતાં રેઈડ દરમ્યાન પોલીસે હાલના આરોપીને પકડી રાખેલ તેવી હકીકત આવે છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય લાગશે. બેઈલ ઈઝ રૂલ, જેલ ઈઝ એકશેપ્સનનો સિધ્ધાંત ધ્યાને લીધેલ છે. આ કામના

આરોપીની જામીન અરજી મંજુર થવા પાત્ર જણાતી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // હુકમ // –**

**(૧)** અરજદાર / આરોપી **(૧) પીન્ટુભાઇ બળવંતસીંહ સોલંકી** ની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**(૨)** આરોપી/અરજદાર **(૧) પીન્ટુભાઇ બળવંતસીંહ સોલંકી,** ઉ.વ.આ. ૨૩, ધંધો. મજુરી, રહે. મોજરૂ જુના, તા. દિયોદર, જી. વાવ–થરાદ ના ઓને દિયોદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૯૯૬૦૦૩૨૫૧૫૧૧૩૫/૨૦૨૫, બી.એન.એસ. એકટની કલમ–૧૮૯(૧)(એ), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૨૫(૧), ૨૨૧, ૧૨૧(૨), ૨૬૩(૨) ના ગુનાના કામે અરજદારે રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત–મુચરકો આપ્યેથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

(૧) અરજદાર / આરોપીએ કેસની ટ્રાયલ ચાલતાં સુધી ભારત દેશની હદ છોડવી નહી.

(૨) અરજદાર / આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાકધમકી આપવી નહી, સાક્ષીઓને ફોડવાના પ્રયત્નો કરવા નહી કે ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૩) અરજદાર / આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તાત્કાલીક અત્રેની કોર્ટમાં રજુ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું અત્રેની કોર્ટમાં રજુ કરવું.

(૪) અરજદાર / આરોપીએ અન્ય કોઇપણ પ્રકારની ગુનાહીત પ્રવૃત્તિ કરવી નહી કે પોતાની જાતને કોઇપણ ગુનાહીત પ્રવૃત્તિ સાથે સાંકળવી નહી.

(૫) અરજદાર / આરોપીના રહેણાંકનું કાયમી સરનામું ફોન નંબર સહિત તેમના જામીનદારે અત્રેની કોર્ટમાં જાહેર કરવું.

(૬) અરજદાર / આરોપીએ જામીન મુક્તિની સ્વતંત્રતાનો કોઈપણ રીતે દુરઉપયોગ કરવો નહી, કોઇ ગેરલાભ ઉઠાવવો નહી કે ફરીયાદ પક્ષના કેસને પ્રતિકુળ અસર થાય તેવું કોઇ કૃત્ય કરવું નહી.

(૭) અરજદાર / આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમીત રીતે હાજર રહેવું.

(૮) ઉપરોક્ત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો, અરજદાર / આરોપીની જામીન મુક્તિનો હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે.

અરજદાર / આરોપીએ જામીન અત્રેની કોર્ટમાં આપવા.

હુકમ લગત, સંબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

આ હુકમ આજ તા. **૨૭ મી,** માહે**–માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. દિયોદર
તા. ૨૭/૦૩/૨૦૨૬

**(રંજન ધ્રુવકુમાર પાન્ડેય)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
બનાસકાંઠા – દિયોદર
કોડ નંબર–જી.જે.૦૦૮૧૩